





પૂછે ન કોઇ, બ્લોગમાં અકેલાઇ ગયા છે,
મહત્ત્વાકાંક્ષા ના ઝંડા સંકેલાઇ ગયા છે,
ફેંકાઇ ગયા છે વૃધ્ધ પાછલી હરોળમાં -
પક્ષમાં પણ પાછળ ધકેલાઇ ગયા છે
(શ્રી અડવાણીજી પાછલી હરોળમાં..)




ફાટે તળાવો,
અને છલકે ડેમ -
જાહેરાતોનાં..
(ચૂંટણી વરસાદે)

ઘસે ચિરાગ,
ને બતાવે સપનાં
અલાઉદ્દીનો..
(પક્ષોનાં જાદૂઇ વચનો)

## ચિંતન

**પૂરોત્પીડે તડાગસ્ય પરીવાહઃ પ્રતિક્રિયા ।**
**શોક ક્ષોભે ચ હૃદયં પ્રલાપૈરેવ ધાર્યતે ॥**

'પાણીના પૂર આવ્યાં હોય ત્યારે તળાવ, સરોવર કે ડેમ જયારે ફાટું ફાટું થતાં હોય ત્યારે તેમાંથી થોડું પાણી વહેવડાવી દેવું જોઇએ. એ જ તળાવ-સરોવર-ડેમ તૂટવાથી નૂકશાનથી અટકાવવાનો ઇલાજ છે. તેવી જ રીતે હૃદય-જયારે દુઃખ-આઘાત કે શોકથી સંતપ્ત હોય અને ખૂબ જ ક્ષોભ દુઃખ પામ્યું હોય ત્યારે તેને પ્રલાપો દ્વારા મુક્ત રીતે રડાવી ને જ તેના આઘાતને હળવો કરી એમાંથી તેને ઉગારી લેવું એ જ સાચો ઉપાય છે.'

અત્યારે ચોમાસાંની સિઝનમાં તળાવ-ડેમ ફાટવાના બનાવો આપણને અવાર-નવાર વાંચવા મળે છે, સાથે સાથે દરવાજા ખોલી અમૂક ફૂટથી પાણી છોડવામાં આવે છે. તેથી કાંઠાઓ પર આવતું પાણીનું દબાણ ઓછું થાય છે.

જયારે કોઇ સ્ત્રી-પુરૂષને અચાનક આઘાતજનક કોઇ સમાચાર મળે તો એ રડી નથી શકતી અને આઘાતમાં મૂઢ-સૂનમૂન થઇ જાય છે તેથી તેના હૃદય અને મન પર અસર થાય ગાંડપણ કે સ્તબ્ધ થઇ મૌન થઇ જાય આવી પરિસ્થિતિમાં તેને રડાવવી જોઇએ.

અમૂક જ્ઞાતિઓમાં તો આવી 'રૂદાલી' સ્ત્રીઓ જ હોય જે કોઇનાં મૃત્યુ વખતે તેમનાં નજીકનાં સંબંધીને રડાવવા માટે ધંધાદારી રીતે જતી હોય છે.

## સુવિચાર

- આશા, એ ફૂલ વિના મધ બનાવનારી મધમાખી છે - **ઇંગરસોલ**
- જેમ માતાના ધાવણથી બાળકને અળગું ન કરાય તેમ માતૃભાષાથી પણ બાળકને અળગું ન કરાય - **ગાંધીજી**
- એક શુભ-સારો વિચાર અનેક ખોટા-ખરાબ વિચારને દૂર કરે છે - **કોલ્ટન**
- જેમ સૌંદર્ય શીલથી શોભે છે તેમ ચારિત્ર્ય સંયમથી શોભે છે- **કવિ ન્હાનાલાલ**
- પ્રેમની જયોતના અજવાળાં જેણે પ્રગટાવ્યાં નથી કે ઝીલ્યાં નથી એવા માણસને 'જીવંત' કહેવડાવવાનો શો અધિકાર છે? - **ધૂમકેતુ**
- મહાનતાના અહંકારમાં એકાકી થઇ જવા કરતાં નમ્રતાપૂર્વકની માનવતામાં એકાકાર થઇ સેવામાં જ સાર્થકતા છે - **ટોલ્સટોય**
- મનુષ્યનાં કર્મો જ એનાં 'વિચાર' નું પ્રતિબિંબ છે - **એસ. ભટાચાર્ય**

## બોધ કથા

અત્યારે ગૌચરની જમીન છીનવાઇ જતાં ગાયોનાં નિસાસા, ગૌમાંસ-ગૌવંશનું વેચાણ અને કતલના નિસાસા, ખૂન, બાળકોના અપહરણ મા-બાપના નિસાસા, ખેડૂતો, અનેક પક્ષના રોજના નિસાસા ભાવવધારા-મોંઘવારીથી મધ્યમ વર્ગના નિસાસા રાજકર્તાને ખાઇ જશે. આંતરડી કકળીને કોણ સુખી થયું છે, ગરીબના 'નિસાકા' અસર કરે જ છે.

ભારતના રાજાને ચીનના રાજા પ્રત્યે દ્વેષ હતો પણ તે ચીની રાજાનો પ્રચાર ઢોલ એવો બૂલંદ હતો કે કોઇની ચીખ સંભળાય જ નહીં, છતાં ભારતના રાજાએ પોતાના વિશ્વાસુ અમાત્ય જાસૂસને ચીન મોકલ્યો અને કહ્યું, ચીનના રાજાની પડતીનું મૂળ શોધી લાવ. અમાત્યએ તો ચીનના રાજાને મળી સાચી વાત કહી દીધી, કહ્યું - મારે તમારા પતનનું રહસ્ય લઇને જ જવું છે!

ચીનનો રાજા ઊંડે ઊંડે સત્યવાદી હતો એણે કહ્યું, પાદરમાં પાંચસો વર્ષ જૂનો વડલો છે તેના નીચે તારો રહેવાનો પ્રબંધ કરું છું એ વડ સૂકાઇ જશે ત્યારે તને મારા પતનનું રહસ્ય જાણવા મળશે..

પેલો અમાત્ય વડ નીચે પડ્યો-પાથર્યો રહે અને રોજ 'વડલો સૂકાઇ જાય' એના માટે 'નિસાસા' નાખે. છ મહિનામાં જ સૂકાઇ ગયો. હવે રહસ્ય કહો.

રાજાએ સ્મિત સાથે કહ્યું, તારા એકલાના નિસાસાથી પાંચસો વર્ષ જૂનો વડલો પણ જો સૂકાઇ જાય તો આટલાં પશુ-પ્રજા-ખેડૂતના નિસાસાથી શું 'પરિવર્તન' નહીં આવે?!

# હું શેઠ પાનાચંદ, દિપ્તીના કહ્યા મુજબ મારી તમામ મિલકત મારા પુત્ર જેવા અનિલને નામે કરી આપું છું, હવે આ મિલકત ઉપર અમારો કોઇ અધિકાર નથી

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસનાં બીજા રવિવારે અચૂક મળતી સભા. તા. ૧૨-૮-૨૦૧૨ ના રોજ ઘટાટોપ ઘેરાયેલાં વાદળાચ્છિત ખાતે સિનિયર વરસાદના માહોલમાં પણ, નમન એપાર્ટમેન્ટ ખાતે સિનિયર સિટીજન કાઉન્સિલના સદ્ભાવથી; શ્રી દોલતભાઇ ભટ્ટના અધ્યક્ષ સ્થાને મળી, જેનું શુભ મંડાણ શબ્દની દેવી મા સરસ્વતીની સ્તુતિથી કરવામાં આવ્યું.

સૌપ્રથમ, ગુજરાતી સાહિત્ય જગતને દાયકાઓ સુધી કવિતા અને ગીતોથી ગૂંજતું રાખી, અચાનક અનંતની પરમયાત્રાએ ચાલી નીકળેલા શબ્દ અને સંવેદનાના સર્જક કવિશ્રી અને ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્યશ્રી કાન્તિલાલ હરદાન બારોટ સે-૨૭ ના દુઃખદ નિધન બદલ બે મિનિટ મૌન પાળી, શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યાં.

અધ્યક્ષ સ્થાનેથી શ્રી દોલતભાઇ ભટ્ટ દ્વારા, કવિશ્રી સુરેશ દલાલના અવસાનને કારણે કવિતા અને ગીતોની દુનિયામાં સર્જાયેલ શૂન્યાવકાશ જેવી પરિસ્થિતિ અન્વયે રંજ વ્યક્ત કરી તેઓશ્રી સાથે માણેલ સુખદ અનુભવની પળોનો ચિતાર રજૂ કરી, શ્રી સુરેશ દલાલે મેળવેલ રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી દિલ્હી અને ગુજરાતી સાહિત્ય પરિષદ અને કવિ ન્હાનાલાલ પારિતોષિકોનો ખ્યાલ આપી, તેમની ઉત્કૃષ્ટ સાહિત્ય કેવો બિરદાવી.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેમના લાગણીભર્યા વ્યતવ્યમાં હાજર સર્વેનું ઉષ્માભર્યું સ્વાગત કરી, ઓગષ્ટ માસમાં જન્મદિન હતો. તેઓએ અભિનંદનસહ આગમજીવનની શુભવાંચ્છનાઓ પાઠવી. આ માસમાં યોજાનાર ખાસ કાર્યક્રમની વિગતો આપતાં તેઓશ્રીએ જણાવ્યું કે, ઉત્તર ગુજરાતના લોકસેવક શ્રી ત્રિભોવનદાસ પટેલ - લણવાવાળા તરફથી તેમના પિતાશ્રીની જન્મ તારીખ અને પુણ્યતિથિ નિમિત્તે ''વ્યાખ્યાનમાળા'' યોજવા અગાઉ જે રૂ. ૧૧,૦૦૦ નું દાન જાહેર કરવામાં આવ્યું છે, તે અંતર્ગત 'ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં પશુપ્રેમ' વિષય પર, વારાહી આશ્રમ સ્થિત પ્રખર વક્તા અને વિદ્વાન પૂજ્ય સંતશ્રી નિજાનંદ બાપુનું વકતવ્ય તા. ૧૮-૮-૨૦૧૨ ના રોજ સાંજના ૪ થી ૫:૩૦ દરમિયાન સરકારી જિલ્લા પુસ્તકાલય ગાંધીનગર, સેકટર-૨૧ ખાતે યોજવામાં આવેલ છે. તેમાં પધારવા દરેકને આમંત્રણ પત્ર આપવામાં આવ્યો.

ત્યારબાદ, ગત તા. ૮-૭-૨૦૧૨ ની બેઠકમાં નિયત થયા પ્રમાણે 'લઘુ નિબંધ' રજૂ કરવા મંત્રીશ્રી, નટવર હેડાઉ 'વનવિહારી' દ્વારા આહ્‌વાન થતાં, સાહિત્યકારો તરફથી નીચે પ્રમાણે તેઓનાં 'લઘુનિબંધ' રજૂ કરવામાં આવ્યાં.

(૧) શ્રી રમેશભાઇ એસ. પટેલ : 'ગર્ભ પરિક્ષણ'
(૨) શ્રી મહેન્દ્રભાઇ રાઠોડ : 'પુત્ર'
(૩) શ્રી રમણલાલ શ્રીમાળી : 'નારી તું નારાયણી'
(૪) શ્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' : 'પુરૂષાર્થ વગર નિયતિની અવનતિ'

આ લઘુનિબંધો હાજર સર્વેએ મનભર માણવા અને વખાણ્યા. (આ 'લઘુનિબંધો' સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવશે.)

ત્યારબાદ, સભામાં ખાસ હાજર રહેલ ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય જાણીતા કવિશ્રી અને નિવૃત્ત આઇ.એ.એસ. શ્રી પ્રવિણ ગઢવીએ, સ્વ. શ્રી સુરેશ દલાલને શોકાંજલિ અર્પણ કરી, સ્વર્ગસ્થ કવિશ્રીના સાહિત્ય ખેડાણમાં નિપજેલ સાહિત્ય કૃતિઓનો અને હયાતિના હસ્તાક્ષરનો ખ્યાલ આપતાં જણાવ્યું કે, શ્રી સુરેશ દલાલ કૉફી અને કવિતાના પ્રેમી હતા અને તેમણે એકાંતનો અને એકલતાનો મહિમા ગાયો છે. તેઓનાં ઉત્કૃષ્ટ કાવ્ય - ગીતોની પંક્તિઓ રજૂ કરી, સ્વર્ગસ્થના ૪૦ જેટલા માતબર કાવ્ય સંગ્રહોની દેણને નવાજી હતી, જેને સર્વેએ મનભેર માણીને વધાવી લીધી હતી. ત્યારબાદ ઉપપ્રમુખ શ્રી ભરત કવિ 'ઉર્મિલ' દ્વારા સ્વર્ગસ્થના કાવ્ય 'બ્લૅક કૉફી' નું પઠન કરવામાં આવ્યું. ખાસ હાજર રહેલ ગાંધીનગર સાહિત્ય સભાના સંવર્ધક સભ્ય, સાહિત્યકાર અને નિવૃત્ત આઇ.એ.એસ. શ્રી એચ.બી. વરિયા તરફથી સંસ્થાને રૂા. ૧૦૦૦ (એક હજાર)નું દાન આપવામાં આવ્યું જેનો સાભાર સ્વીકાર કરવામાં આવ્યો.

વરસતાં વરસાદની મદઘેલી મોસમને અનુલક્ષીને કોષાધ્યક્ષ શ્રી સુમંતભાઇ શાહ દ્વારા 'સોનું વરસે છે' અને શ્રી જયોતીન્દ્ર આર. ઠાકર 'ગોપાલ' દ્વારા 'વર્ષારાણી' કાવ્યો રજૂ કરવામાં આવ્યાં, જેને સૌએ આવકાર્યા.

### લઘુ-નિબંધ સેતુ : પુત્ર

**- મહેન્દ્રભાઇ રાઠોડ**

અનિલના બા-બાપુજી અનિલ કાંઇ સમજે તે પહેલાં જ અકસ્માતમાં મોતને ભેટ્યા હતા. અનિલને તેના કાકા પાનાચંદે ઉછેર્યો. કાકા પહેલેથી જૂદા રહેતા હતા. છતાં પાનાચંદે માનવતાની મહેંક પ્રસરાવી દીધી. પાનાચંદની પત્ની પણ નાની દિપ્તી મુકીને પ્રભુને પ્યારી થઇ ગઇ હતી.

દિપ્તીથી પણ અનિલને સવાયો ઉછેર કર્યો. અને સમાજમાં એક દાખલો બેસાડ્યો.

સમયનું ચક્ર ચાલ્યા કર્યું. અને બંને ભાઇ-બહેનના લગ્ન થઇ ગયા. દિપ્તી અનિતા ભાભીને પોતાની માં બરાબર રાખતી. અને પ્રેમથી નવડાવી દેતી.

અનિલના લગ્ન અને અનિલના જીવનમાં ફરક પડવા લાગ્યો. અનિતાને કાકા સાથે નહિ રહેવાનાં અનેક કારણો દર્શાવ્યા. અને અનિલ એક દિવસ કાકાથી જૂદો રહેવા લાગ્યો. અનિલમાં કલિયુગ પ્રવેશ્યો. તેને વિચાર્યું કે મારી પાસે બહુ મિલકત નથી. કાકાની મિલકત દિપ્તીને આપી દેશે. માંદગીના બીછાને બેઠેલ કાકાનું ગળું ઘોટી દીધું.

ઉત્તરક્રિયાનો દિવસ હતો. ઘણા સગાવહાલા - મિત્રો અંગત સંબંધી આવ્યા હતા. ત્યાં અચાનક એક વકીલ આવે છે. અને વસીયત નામું વાંચે છે.

'હું શેઠ પાનાચંદ દિપ્તીના કહ્યા મુજબ મારી તમામ મિલકત મારા પુત્ર જેવા અનિલને નામે કરી આપું છું. હવે આ મિલકત ઉપર અમારો કોઇ અધિકાર નથી.'

આ વાક્યો સાંભળીને અનિલના ગાત્રો ગળી ગયા. અને બંને આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યા.

### ગર્ભ પરિક્ષણ

પતિ-પત્નીના પ્રેમનું પ્રતિક ગર્ભ છે. ગર્ભ પરિક્ષણ આરોગ્ય માટે કરવામાં આવે તો સારી વાત છે. પરંતુ તેનો હેતુ દીકરો કે દીકરી જાણવા અને દીકરી હોય તો ભ્રુણ હત્યા. તે ભગવાનની ભેટનો અસ્વીકાર અને ગુનો છે. માતાના ભ્રુણના આરોગ્યને નુકશાન.

આજના સુધરેલા કહેવાતા - સમાજમાં ભ્રુણ હત્યા ના કારણો :
(૧) ઇચ્છીત ગર્ભ નથી
(૨) કુંવારી કન્યા મા બને.
(૩) વિધવા મા બને.
(૪) બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી સમાજની બીકે
(૫) મોંઘવારી એક સંતાન - ઉચ્ચ અભ્યાસ સારી રીતે કરાવી શકાય.
(૬) માતાની તથા ગર્ભની તંદુરસ્તી જાણવા જો ગર્ભ ખામી વાળો - અવિક્સિત હોય તો સારવાર કરવા.

જો છેલ્લા કારણસર પરિક્ષણ કરવામાં આવે અને ગર્ભવાન કરવામાં આવે તો સમજી શકાય, પરંતુ બાકીના હેતુ માટે ભ્રુણ હત્યા એ સામાજિક, કુદરતી અને માનવીય ગુનો છે.

ભ્રુણ હત્યાથી નુકશાન (૧) ભ્રુણ હત્યા (૨) માતાના આરોગ્ય ઉપર અસર (૩) સમાજમાં દીકરીઓની સંખ્યામાં ઘટાડો (૪) કુંવારા રહેવા સ્થિતિ અને તેથી વ્યભિચાર, વેશ્યાવૃત્તિ વધે. અનૈતિકતા વધે. (૫) વંશવૃધ્ધિ અટકે (૬) મા-સ્ત્રીના મન ઉપર વિપરીત અસર.

ગર્ભ પરીક્ષણનો દુર્પયોગ કરનારા પોતાના, કુટુંબનો ગામ, રાજય-દેશ અને દુનિયાને નુકશાન કરનારા છે. કુદરતના કાર્યને અવરોધનારા છે.

### હાઇકુ

પતિ પ્રેમનો
રસ ઢોળાયો કૂખે
કાંકરે ખાટો?
ના વાંક મારો
ખોટ ના પતિ પ્રેમે
શાને કરે ઘા?
સ્વયં ના મૈં
આઇ હૂં તવ કૂખે
કયોં મા મારે?

### તણખો

**- દોલત ભટ્ટ**

''જે શહેરમાં કે નગરમાં જુગાર, દારૂના
અડ્ડા અને વેશ્યાગૃહો વિસ્તરેલા હોય;
તે શાસનની નબળાઇ કહી શકાય ખરી;
પણ તેથી અનેક ગણી તે નબળા
સમાજની સાક્ષી પૂરે છે, કારણ કે ગ્રાહકો
અને ચાહકો જ તેના પોષક છે.''

# પોતાની આવડત, ખાસિયત, ગુણ, લક્ષણ, ખામીઓ કે ખૂબીઓનો ઉપયોગ આપણે કયા રસ્તે અને કેવી રીતે કરીએ છીએ તેના પર આપણું શ્રેષ્ઠ કે નિમ્ન વ્યક્તિત્વ નિર્ભર કરે છે

## સખીને પત્ર

**- સ્વાતિબા રાઓલ**

પ્રિય સખી,

કૃષ્ણ જન્મોત્સવ ધૂમધામથી ઉજવાઇ ગયો. શ્રીકૃષ્ણની બાળલીલા આપણને જવાબદારીઓ વચ્ચે પણ મેં નિર્દોષતા જાળવી રાખીએ તો આપણું વ્યક્તિત્વ ગિરિને ધારણ કરવા જેટલું સક્ષમ બની શકે તેવું શીખવી જાય છે. કૃષ્ણની રાસલીલા આપણા જીવનને પ્રેમમય, ભક્તિ કે ભક્ત્યિમય પ્રેમથી મળતી શક્તિ જીવનની સૌથી વિધ્વંસક પળોમાં પણ નોળવેલનું કામ કરી જાય છે તેવો સૂચિતાર્થ આપે છે. મહાભારતમાં કૃષ્ણે ભજવેલી પ્રગલ્ભ વડીલની ભૂમિકા મારે માટે હંમેશાં દિવાદાંડી સમાન બની છે. મહાભારતના દરેક પાત્ર સાથે મેળ ખાતુ એક-એક પાત્ર આપણને હંમેશા આપણી આસપાસ અવશ્ય મળી રહેવાનું. આટલાં વર્ષો પછી પણ મહાભારતની કયા આપણા જીવનના અનેક પ્રશ્નો - તેના જવાબો - કારણો - વિસામણો - ઉકેલ સાથે સામંજસ્ય ધરાવતી હોય તેવું લાગે છે. મને તેમાં જે સૌથી વધુ જે ગમે છે તે પાત્ર છે કર્ણ! માણસ કયારેક પરિસ્થિતિ વશ કે કયારેક સંબંધોથી વિવશ થઇને કે કયારેક આત્મ-વંચનોને કારણે સારાથી નરસો અને નરસાથી શ્રેષ્ઠ તરફ સતત આવાગમન કરતો જ રહે છે. કર્ણને તમે છેક જ દુષ્ટ પણ ન કહી શકો કે અર્જુન જેવો નરોત્તમ પણ ન કહી શકો.

દરેક વ્યક્તિની અંદર એક સારું અને એક દુષ્ટ વ્યક્તિત્વ અંતર્નિહિત હોય છે. પોતાની આવડત, ખાસિયત, ગુણ, લક્ષણ, ખામીઓ કે ખૂબીઓનો ઉપયોગ આપણે કયા રસ્તે અને કેવી રીતે કરીએ છીએ તેના પર આપણું શ્રેષ્ઠ કે નિમ્ન વ્યક્તિત્વ નિર્ભર કરે છે. કેટલાંક વ્યક્તિનાં જીવન અધો થી ઉર્ધ્વ તરફથી નિરંતર ગતિ સમાન હોય છે. આવા વ્યક્તિ જીવનના વર્ષો જેમ જેમ વીતતા જાય તેમ તેમ વધુને વધુ ઊંચા થતાં જાય છે. શ્રી રવિશંકર મહારાજે સુંદર વાક્ય આપ્યું છે. 'ઘસાઇને ઉજળા થઇએ' જેમ જેમ ઘસાતાં જઇએ વ્યક્તિત્વમાં અનેરાં તેજ અને પ્રભા ઉમેરાતાં જાય છે. ગાંધીજીનું જીવન આ શ્રેણીમાં આવે છે. કયારેક માણસની ખાઇથી શિખર ભણીની ગતિ માત્ર એક પળનો સવાલ બની જતી હોય છે. નારદ મુનિ વાલિયા લૂંટારાને પ્રશ્ન પૂછે કે, 'તારા પાપમાં સ્વજનો ભાગીદાર બનશે ખરાં?' અને જાણે વાલિયાના મગજમાં એક ક્લિક થાય છે અને સ્વજનોનો નકારાત્મક જવાબ સાંભળીને પળમાંજ વાલિયામાંથી વાલ્મિકીનો જન્મ થાય છે. એક ઝાટકે દુષ્ટતાઓ ખરી પડે છે. અને નારાયણના રંગે એક આખું અસ્તિત્વ નવો અવતાર ધારણ કરે છે. લોકોની આંગળીઓ કાપીને તેની માળા બનાવીને પહેરતાં અંગુલિમાનને ભગવાન તથાગતનો એક પ્રશ્ન દુષ્ટમાંથી દયાવાન બનવા માટે પ્રેરી જાય છે.

તથાગત કહે છે 'જેને જોડી નથી શક્તો તેને તોડે છે શા માટે?' જેનું સર્જન આપણા હાથમાં નથી તેનો વિનાશ કરવાનો હક્ક આપણને નથી. માણસની મોટામાં મોટી જો કોઇ મૂંઝવણ હોય તો તો એ છે કે સંસારમાં આપણી ભૂમિકા આપણને સમજાતી નથી. સર્જનહાર બનવાનું આપણું ગજુ નથી એટલે આપણે તરત વિધ્વંસક બનવાનું શા માટે સ્વીકારી લઇએ છીએ?

'માણસ માત્ર ભૂલને પાત્ર' બરાબર છે! ભૂલ કરે તેને જ માણસ કહેવાય પણ ભૂલમાંથી બોધપાઠ લે તેને જ શ્રેષ્ઠ માણસની ઉપાધિ ન આપી શકાય? સવારે ભૂલો પહેલો માણસ સાંજે ઘેર આવે ત્યારે ભૂલો પડ્યો ન કહેવાય. પણ રોજ સવારે ભૂલો પડી સાંજે ઘેર આવે ત્યારે તેને તો માણસ જ ન કહેવાય! યાદ કરો શિશુપાલને પોતાની ભૂલ સુધારવાના સો મોકા ભગવાને આપ્યાં હતા તે ન સમજ્યો અને હણાયો. પતન થવું એ દુર્ભાગ્ય દુર્ઘટના નથી પરંતુ પછી ઉર્ધ્વગમન ન થવું તે મોટી હોનારત છે.

આપણા પુરાણોમાં નહુષ નામમા એક રાજાની વાત આવે છે. આ રાજા એટલો પ્રતાપી અને પરાક્રમી હતો કે આખી પૃથ્વી-ભૂલોક તેના એકાધિકાર નીચે હતા. વિનયી, સંસ્કારી એવો આ નહુષ ખૂબ શક્તિશાળી પણ હતો. એકવાર દેવો અને દાનવો વચ્ચે યુધ્ધ થયું. દાનવોનુ પલ્લું ભારે હતું. દેવોને કોઇ સામર્થ્યશાળી સેનાપતિની જરૂર પડી. ઇન્દ્રએ નહુષને કહેણ મોકલાવ્યું. નહુષ ખુશી-ખુશી દેવોની મદદે આવી ચડ્યો. સ્વર્ગમાં ભયંકર યુધ્ધ થયું અને નહુષની સેનાએ પોતાના અત્યધિક પરાક્રમથી દાનવોને નસાડ્યાં. ઇન્દ્રના આગ્રહથી નહુષ થોડા દિવસ સ્વર્ગમાં રોકાઇ ગયો. સ્વર્ગની જાહોજલાલી જોઇને અભિભૂત થઇ ગયો અને એથીએ વધુ ઇન્દ્રપત્ની શચીને જોઇને તો ભાન જ ભૂલી ગયો. મોહાંધ બનેલો નહુષ પૃથ્વી પર પાછો તો આવ્યો પણ હવે તેને સ્વર્ગ અને રાચીને શચીને જીતવાનાં જ વિચારો આવવા લાગ્યા. અને ઇર્ષાથી અંધ બનેલા આ નરશ્રેષ્ઠને સ્વર્ગ પર ચડાઇ કરવાનો વિચાર આવ્યો. એ માણસોની આ ખાસિયત છે. સારા વિચારે અમલમાં મૂકતાં સદીઓ વીતે ને દુષ્ટ વિચારનું પાલન કરવામાં પળનોય વિલંબ ન કરે. નહુષે આક્રમણ કરી સ્વર્ગને જીતી લીધું. ઇન્દ્રને સ્વર્ગમાંથી નાસવું પડ્યું. હવે નહુષ સ્વર્ગ અને શચી બંનેનો અધિપતિ હતો. પરંતુ શતિ તો સતી સ્ત્રી હતી તેને તે વશમાં ન કરી શક્યો. થોડાં જ વખતમાં દેવોની સેનાઓ નહુષ સાથે ફરથી યુધ્ધ કરી તેને હરાવીને પૃથ્વી પર પાછો ધકેલી દીધો. સ્વર્ગ અને પૃથ્વી, દેવો અને માનવો બંનેમાં માનભંગ બનેલો નહુષ પસ્તાય છે. તેને પોતાની નીચ મહાત્ત્વાકાંક્ષાની ભૂલ સમજાય છે અને તે સંકલ્પ કરે છે કે તે પાછો નરશ્રેષ્ઠ બનીને બતાવશે, અને આરંભાય છે, એક માનવની ક્ષુદ્રમાંથી મહાન બનવાની યાત્રા -

**''દેવ સદા દેવ હૈ ઔર દનુજ દનુજ હૈ;**
**જા સકતા કિન્તુ દોનો ઓર મનુજ હૈ.''**

દેવ તો દેવ જ રહેવાનાં. દાનવો દાનવો જ રહેશે. પરંતુ મનુષ્ય ધારે તો દેવ પણ થઇ શકે અને દાનવ પણ. તેના માટે બંને દિશાઓ ખુલ્લી છે. ભૂલોમાંથી બોધપાઠ લઇએ તો ઉત્કર્ષ અને પુનરાવર્તન કરીશું તો અનર્થ નક્કી છે. તો વિચારો આપણે કયાં છીએ? અહીંથી દેવતા તરફ કે દાનવત્વ તરફ?

**- તારી સ્વાતિ**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૧૮મી ઓગષ્ટ

- ભારતીય ત્રણવાર યાત્રા કરનારા સંગીતકાર - ગાયક - ગરબી - રાસના રચયિતા, પ્રેમલક્ષણા ભક્તિની પરંપરામાં ઉત્તમ સાહિત્યિક પ્રદાન કરનારા દયારામ પ્રભુરામ ભટ્ટનો જન્મ ૧૮-૮-૧૭૭૭.

  કવિ ન્હાનાલાલ કહે છે કે, દયારામ એટલે મધુરતા, ઝમક, ઝલકાર, વિહ્‌વળતા. ગુજરાતનું નામી સંગીત - ગરબીનું મહામૂલું મોતી.
- ભારતના પ્રથમ મહિલા એલચી - યુનોના પ્રમુખ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતનો જન્મ - ૧૯૦૦.
- ૧૮૮૦માં ભારતમાં પ્રથમ વખત જ કલકત્તા ખાતે ફોર્ટ વિલિયમ કોલેજની સ્થાપના.

# શ્રધ્ધા અને અંધશ્રધ્ધા એક જ સિક્કાની બે બાજુ છે

## ચિંતન સભા

**- પોપટલાલ પ્રજાપતિ**

શ્રધ્ધા અને અંશ્રધધ્ધા વચ્ચે અંતર કેટલું? આમ તો શ્રધ્ધા અને અંધશ્રધ્ધા બંને એકબીજાના પુરક છે, જયારે શ્રધ્ધામાંથી શ્રધ્ધા ડગે ત્યારે અંધશ્રધ્ધાનો પ્રવેશ થાય છે. પોતાનો એકનો એક દીકરો જીવલેણ રોગનો શિકાર બને અને કોઇ દવા કારગત ન નીવડે, બધા પ્રયત્નો નિષ્ફળ જાય ત્યારે કોઇ ચમત્કારની આશાએ માનવી અંધશ્રધ્ધાનો સહારો લે છે. ડુબતો તરણું શોધે તેમ... જિંદગીના ૫૦ વર્ષ દિલીપકુમાર અને સાયરાબાનુ પુત્રની અપેક્ષાએ ખેરાલુ બાપુ પાસે પાણીને ફૂંક મરાવા આવે, તેમજ આંતરડાની ઇજાને કારણે ગંભીર બિમારીમાં સપડાયેલ અમિતાભ બચ્ચનની જીવનરક્ષા કાજે જયા ભાદુરી પગપાળા સિધ્ધિ વિનાયકના દર્શને જાય અથવા ઉ.પ્ર.ના મુખ્યમંત્રી બનતાં ઉમા ભારતી માથે ટકો મુંડો કરાવે છે. ડો. શંકરદયાળ શર્મા રાષ્ટ્રપતિ બનતાં તિરૂપતિ જઇ વાળ ઉતરાવે. આ બધા પ્રસંગોને આપણે શ્રધ્ધા કહીશું કે અંધશ્રધ્ધા...?

આવી અંધશ્રધ્ધા (કે શ્રધ્ધા) ગામ્ય વિસ્તારોમાં કે અજ્ઞાન પ્રજામાં હોય છે તેવું નહિ, રાહુલ ગાંધીના હાથે સમયાંતરે લાલ દોરા બંધાતા રહે છે. કેન્દ્રિય મિનિસ્ટરો પણ હાથ પર લાલ પીળા અને કાળા દોરા બાંધવામાં ગૌરવ અનુભવે છે. હાથમાં નવગ્રહની વીંટીઓ પહેરી અંધશ્રધ્ધા અને અજ્ઞાનતા પર ભાષણ આપવામાં તેમને કોઇ તકલીફ પડતી નથી. રાજ્યાભિષેક કરવા માટે ઉત્તમ મુર્હુત જોવામાં આવે છે, મુર્હુત જોયા પછી બે જ મહિનામાં સત્તા ભ્રષ્ટ થવાના દાખલા બને તે વાત જુદી છે. પણ મુર્હુત જોયા વિના સત્તાગ્રહણ કરવાના કોઇ પ્રસંગ જોવા નહીં મળે. આમ શ્રધ્ધા અને અંધશ્રધ્ધા બે સગી બહેનો છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

કોઇ પણ વ્યક્તિ સંપૂર્ણ શ્રધ્ધાવાન કે સંપૂર્ણ અંધશ્રધ્ધાળુ ન હોઇ શકે. ગુજરાત હાઇકોર્ટના એક વકીલને ત્યાં બનેલી આ સત્યઘટના છે. પોતાનો પુત્ર બિલકુલ નિર્વ્યસની અને હોંશિયાર પણ એટલો જ. એક વાર રાત્રે ઘરે આવે છે. અને ઘરે આવી કહે છે મને સિગારેટ આપો મારે પીવી છે, ઘરનાં સભ્યોને નવાઇ લાગે છે... પછી તેનો બકવાસ શરૂ થાય છે મને ચવાણુ લાવી આપો, દાળવડા લાવી આપો... ઘરનાં સભ્યો ગભરાય છે. દીકરાનું વર્તન સમજાતું નથી. આ લેખકના મિત્ર તે સમયે ત્યાં હાજર હતા. પોતે બ્રાહ્મણ હોવાને કારણે અને ભગવાનમાં શ્રધ્ધા હોવાને કારણે તે પરીવારને કહ્યું, તમને વાંધો ન હોય તો હું કહું તેમ કરો. તેમણે ઘરના બધાને હાથ પગ ધોઇ આવવા કહ્યું. બધાએ તે મુજબ કર્યું. પછી કહ્યું - આપણે સાથે હનુમાન ચાલીસાના પાઠ કરીએ... અને ત્યાં જ પેલો વકીલ પુત્ર બોલી ઊઠ્યો, રહેવા દો... એવું બધું ના કરશો, હું જાઉં છું. પણ મને ચવાણુ તો આપો? પણ ઘરમાં હનુમાન ચાલીસાના પાઠ શરૂ થયા અને તે યુવક ઊભો થઇ દોડતો ઘરની બહાર ગયો. ઘરની બહાર ચાર રસ્તે જઇ નીચે પછડાયો, થોડીવારમાં ઊભો થઇ ઘરે પરત આવ્યો. આ સત્યઘટના છે. પ્રશ્ન એ થાય કે 'ભૂત પિશાચ નીકટ નહિ આવે, મહાવીર જબ નામ સુનાવે' ની આ શ્રધ્ધા છે કે હનુમાન ચાલીસા ગાવાથી ભૂતપ્રેત ભાગી જાય એ અંધશ્રધ્ધા છે? શ્રધ્ધા અને અંધશ્રધ્ધાનો ભેદ પારખવો બહુ મુશ્કેલ છે.

આપણા દેશ માટે જ મંત્રતંત્ર અને જાદુ ટોના વાળો દેશ કહેવાય છે. શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચે પાતળી ભેદરેખા છે, તે સહેલાઇથી ભેદાઇ જાય છે. શ્રધ્ધા કયારેય અંધશ્રધ્ધામાં પલટાઇ જાય તે નક્કી ન કરી શકાય. ચુંદડીવાળા માતાજી ૮૪ વર્ષે પણ ખાધાપીધા વિના સામાન્ય જિંદગી જીવે છે. તેને માતાજીની અપાર શ્રધ્ધા કહીશું કે તેઓ ચુંદડી અને હાથમાં કંકણ પહેરી માતાજીનાં સ્વાંગમાં જ જીવન ગુજારે છે. તે અંધશ્રધ્ધાની ટીકા કરીશું? જોનારાની દૃષ્ટિ પર તેનો આધાર છે, પણ તેમની શ્રધ્ધા વિજ્ઞાન માટે એક પડકાર છે તે હકીકત છે. જયાં પણ દોરા ધાગા, મંત્રતંત્ર, બાધા અપાતી હોય ત્યાં લાઇનો લાગે છે રૂા. ૧૦૧માં કરોડપતિ બનાવાના કે પુત્રપ્રાપ્તિ માટેના મંત્ર જાપની જાહેરાતો આવે છે. એક દંપત્તિને લગ્નના પાંચ વર્ષે પારણું ન બંધાતા આવી તંત્રવિદ્યાનો સહારો લે છે. તાંત્રિકે વિદ્યા શરૂ કરી ત્રણ વર્ષ થયા, ઘરે પારણું તો ન બંધાયું પણ રૂા. ૧૦૧ માં ખર્ચ પેટે બે મીંડા ચઢતા ગયા. એક મંત્રતંત્રના જાણકારે રૂા. ૫૧/- માં ગ્રાહકને સલાહ આપી કે કરોડપતિ થવું હોય તો 'અહીં શ્રીં એં ઉં ક્લીંગ સ્વાહા, શ્રમ મૃગે શ્રી સ્વાહા' ના સવા કરોડ મંત્ર જાપ કરો. ઘરે ધનનાં ઢગલાં થશે. આ તાંત્રિકને આ જાપ કરતાં કોણ રોકતું હશે? આવા ૫૧/- ઉઘરાવવાનું તો બંધ થઇ જાય? કહેવાય છે કે ટી.વી.ની ચેનલો મારફ્તે આવા યંત્ર કે રૂદ્રાક્ષની જાહેરાતો તો વર્ષે ૨૦ થી ૨૫ કરોડનો ધંધો થાય છે, ગાંધીનગરમાં ય એવી પત્રિકાઓ ફરતી જોવા મળે છે કે અમુક ભગવાનની ૧૦૦૦ પત્રિકાઓ છપાવનારને હજારોનો ફાયદો થયો, નહિ છપાવનારનો પુત્ર મરી ગયો... ડર ફેલાવો, લોકોને ભયભીય કરો અને શ્રધ્ધઆ ટકાવી રાખવા લોકોને મજબૂર કરો આનું પણ નેટવર્ક નહિ ચાલતું હોય? કોણ જાણે... આપણે તો પ્રભુમાં શ્રધ્ધા રાખીએ આવા તત્ત્વોથી આપણને બચાવે...